# -: વિરમગામ નગરપાલિકા :-

## : કરદાતા માટે સામાન્ય સૂચનાઓ :-

• નગરપાલિકાનું ટેક્ષ બીલ કે આકારણીની નકલ એ જમીન માલિકીનો કોઈ પુરાવો નથી.

• નગરપાલિકાની પાણીની લાઇનમાંથી મોટર દ્વારા પાણી ખેંચવામાં આવતું હોવાનું માલુમ પડશે તો મોટર જપ્ત કરવામાં આવશે. આવા ઇસમો પાસેથી પાણીની ચોરી બદલ રૂ. ૨૦૦૦- ચાર્જ વસુલવામાં આવશે. દરેક મિલકતમાં કાયદેસર નળ કનેક્શન હોય તો ફરજીયાત નળ રાખવાનો રહેશે. જો નળ લગાડેલ નહીં હોય તો પાણી કનેક્શન કાપી નાંખવામાં આવશે.

• ઘન કચરા વ્યવસ્થાપન નિયમો હેઠળ દરેક વ્યક્તિએ પોતાની મિલકતના સ્થળે સુકો-ભીનો કચરો અલગ કરીને નગરપાલિકાના વાહનમાં નાંખવાનો રહેશે.

• આપનો મિલકત વેરો પ્લે સ્ટોરમાં જઈ ઇ-નગર એપ્લીકેશન ડાઉનલોડ કરીને ઘરે બેઠા ઓનલાઈન ભરી શકો છો. www.E-Nagar.gov.in.આ વેબસાઇટ પરથી પણ વેરો ભરી શકાય છે. આ ઉપરાંત ટેક્ષ બીલ પર આપેલ QR કોડનો ઉપયોગ કરીને વેરો ભરી શકાય છે.

• મિલકત ટ્રાન્સફર ફી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં તા.૨૪/૦૮/૨૦૨૩ નાં ઠરાવ મુજબ નીચેની વિગતે વસુલ કરવાની જોગવાઈ છે. (૧) રહેણાક / ખુલ્લા પ્લોટ માટે : મિલકત ટ્રાન્સફરની રજીસ્ટ્રેશનની કિંમતના ૦.૧% અથવા રૂ. ૧૦૦૦/- બે માંથી જે વધારે હોય તે. (૨) બિન-રહેણાક મિલકતો માટે : મિલકત ટ્રાન્સફરની રજીસ્ટ્રેશનની કિંમતના ૦.૨% અથવા રૂ. ૨૦૦૦/- બે માંથી જે વધારે હોય તે. (૩) વારસાઈ-વીલ માટે કોઈ ફી લેવાની નથી.

• નગરપાલિકા દ્વારા ઉઘરાવવામાં આવતો ટેક્ષ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :નપલ /૧૦૦૭ /૧૪૫૪ /પાર્ટ-૧ /તા. ૧૨-૦૫-૨૦૦૮ અનુસાર કાર્પેટ એરિયા આધારિત નિયમો મુજબ વસુલ કરવામાં આવે છે. હાલમાં બેઝિક રેટ રહેણાક માટે ૯.૩૬% અને બિન રહેણાક માટે ૧૪.૭૮%. છે.જેમાં દર વર્ષે ૧૦% વધારો કરવામાં આવે છે.

• ખુલ્લા પ્લોટમાં મકાન બનાવવામાં આવે ત્યારે અને જુનું મકાન તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવે ત્યારે તે અંગેની નગરપાલિકાને નોટીસ આપવાની જવાબદારી જમીન માલિક/ કબજેદારની છે.

• વ્યવસાય વેરા મોડયુલમાં વ્યવસાય બંધ થાય ત્યારે તેની નગરપાલિકાને નોટીસ આપી, લાયસન્સ બંધ કરાવવા કાર્યવાહી કરવાની ફરજ વ્યવસાય કરનારની છે. બાકી વ્યવસાયવેરાની વસુલાત મિલકત માલિક પાસેથી કરવામાં આવતી હોઈ મિલકત માલિકે ભાડુઆત પાસેથી વ્યવસાય વેરાની આવી કોઈ બાકી રકમ હોય તો તે અંગે નગરપાલિકા ખાતેથી માહિતી મેળવી બાકી લેણું જમા કરાવવા વ્યવસાય માટે ભાડેથી આપેલ મિલકતનાં માલિકે તકેદારી રાખવાની રહેશે.

• જાહેરમાં કચરો નાંખવો , કચરો બાળવો, વરસાદી ગટરમાં કચરો નાંખવો, નિયત ધોરણો સિવાયના પ્લાસ્ટિકનો વપરાશ કરવો દંડનીય કૃત્ય છે. તમામ નાગરિકોએ કાયદા / નિયમોનું પાલન કરવાનું રહેશે.

• સરકારી/નગરપાલિકાની જમીનની આકારણી કરાવેલ હશે અને ટેક્ષ ભરેલ હશે તો પણ આવા દબાણો દૂર કરવામાં આવશે.